# અરવલ્લી જીલ્લા કલેકટરના હસ્તે જીલ્લા ખાતે પ્રથમ લીગલ ગાર્ડીયનશીપનું પ્રમાણપત્ર ઈસ્યુ કરાયું

બાયડ તા.૧૫

દિવ્યાંગજન ભારત સરકાર હેઠળના નેશનલ ટ્રસ્ટ ૧૯૯૯ હેઠળ અરવલ્લી જીલ્લા કલેકટર કચેરી ખાતે જીલ્લા કલેકટરશ્રી નરેન્દ્રકુમાર મીનાની અધ્યક્ષતામાં રચાયેલ લોકલ લેવલ સમિતિ દ્વારા બૌદ્ધીક અસમર્થતા,સેરેબ્રલ પાલ્સી,ઑટીઝમ,મલ્ટીપલ ડિસેબીલીટી એમ ચાર પ્રકારની દિવ્યાંગતા ધરાવતી દિવ્યાંગ વ્યક્તિ૧૮ વર્ષ પૂર્ણ થતા લીગલ ગાર્ડીયનશીપ અંગેના પ્રમાણપત્રની જરૂરીયાત વિવિધ હેતુઓ જેવા કે બેંકમાં એકાઉન્ટ ખોલાવવા,રોકાણોનું વ્યવસ્થાપન કરવા જેવા વિવિધ હેતુઓ માટે ઉપરોક્ત ચારેય પ્રકારના દિવ્યાંગોને લીગલ ગાર્ડીયનશીપના પ્રમાણપત્રની જરૂરીયાત રહેતી હોય છે જે પ્રમાણપત્ર જિલ્લા કક્ષાએથી ઈસ્યુ કરવામાં આવે છે.

જેમાં અરવલ્લી જિલ્લા ખાતે ધનસુરા સુ.શ્રી ઉષાબેન બાલકૃષ્ણ સોનીએ લોકલ લેવલ સમિતિ અરવલ્લી જીલ્લાને કરેલ ઓનલાઈન અરજી આધારે જિલ્લા ખાતે પ્રથમ લીગલ ગાર્ડીયનશીપનું પ્રમાણપત્ર તા. ૧૫ નવેમ્બર ૨૦૨૧ના રોજ કલેક્ટરશ્રી નરેન્દ્રકુમાર મીનાના હસ્તે ઈસ્યુ કરવામાં આવ્યુ.



# ભિલોડામાં સ્નેહ મિલન યોજાયું



ભિલોડા,તા.૧૫

શ્રી કચ્છ કડવા પાટીદાર ભિલોડા સમાજ નું ૨૩/૨૪ મું સ્નેહ મીલન સમાજ ના આગેવાનો ની હાજરી માં યોજાયું સ્નેહ મીલન ની સભાના પ્રમુખ તરીકે જગદીશભાઈ આર. પટેલ ખારીકંપા એ પદ સોભાવ્યું હતું.અતિથિ વિશેષ માં ભરતભાઈ સુરાણી ઈશ્વરપુરાકંપા , બીપીનભાઈ વાસાણી વાસેરાકંપા, નરસીંહબાપા ચોટાસણકંપા , સુરેશભાઈ દીવાણી ખેરોજકંપા , ઘનશ્યામભાઈ ઈશ્વરપુરાકંપા , ભિલોડા સમાજ માંથી વર્તમાન પ્રમુખ શ્રીઅનિલભાઈ રંગાણી , વાલજીભાઈ ધોળુ , ડો.બાબુભાઈ છાભૈયા , અમૃતભાઈ લીંમાણી , ઈશ્વરભાઈ લીંમાણી , ચીમનભાઈ ચોપડા , તેમજ સમાજ ના પરિવારો એ બહોળી સંખ્યામાં હાજરી આપી કાર્યક્રમ ને સફળ બનાવ્યો હતો.કાર્યક્રમ નું સફળ સંચાલન મોહનભાઈ નાકરાણી, હસમુખભાઈ સુરાણી, ભુપેન્દ્રભાઈ લીંમાણીએ સંભાળ્યું હતું.કાર્યક્રમ ને સફળ બનાવવા યુવાનો નો નોંધનીય ફાળો રહ્યો હતો.

# જન્મદિને વધામણી




માહી જયકુમાર પટેલ
કેનેડા (ગાંધીનગર)



ઉષાબેન એસ.સોની
પૂર્વ આચાર્ય ,આકરુંદ
હાઇસ્કુલ પ્રાથમિક વિભાગ
ધનસુરા



મિતું અશોકભાઈ પટેલ
આક્રુંદ તા.ધનસુરા



કૃપાબેન હિરકભાઈ પટેલ
રડોદરા તા. બાયડ



મહેન્દ્રસિંહ પરમાર
બાયડ ગામ

# અરવલ્લીમાં શામળાજી ખાતે સાંસદની અધ્યક્ષતામાં ICOP લોકસંપર્ક કાર્યક્રમ યોજાયો

**સરદાર વલ્લભભાઈ તથા ગાંધી બાપુ જેવા અનેક વિરપુરુષો આપણા દેશને આઝાદી અપાવામાં મહત્વની ભૂમિકા ભજવી છે : સાંસદ દિપસિંહ રાઠોડ : વડાપ્રધાન દ્વારા આજના છેવાડાનાં માનવી સુધી યોજનાકીય લાભો પહોંચે તેવી સુવિધાઓ ઉપલબ્ધ કરાઈ છે : કેન્દ્રીય માહિતી પ્રસારણ અધિકારી સરિતા દલાલ**

બાયડ તા.૧૫

અરવલ્લી જિલ્લામાં આવેલ પ્રસિધ્ધ યાત્રાધામ શામળાજી ખાતે ભારત સરકારના માહિતી અને પ્રસારણ વિભાગ દ્વારા યોજનાકીય જાણકારી અને વિશેષ પ્રચાર-પ્રસાર માટે તા.૧૫ નવેમ્બર થી ૧૯ નવેમ્બર સુધી પ્રદર્શન યોજાનાર છે જેનો શુભારંભ કરાયો.

જે અંતર્ગત લોકોને કેન્દ્ર સરકાર તથા રાજ્ય સરકારની યોજનાઓનો લાભ મળી રહે તે હેતુથી શામળાજી ખાતે સાંસદશ્રી દિપસિંહ રાઠોડની અધ્યક્ષતામાં ઈન્ટીગ્રેટેડ કમ્યુનિકેશન એન્ડ આઉટરીચનું એક ભવ્ય લોકસંપર્ક કાર્યક્રમ યોજાયો. જેમાં આઝાદી કા અમૃત મહોત્સવની ઉજવણી યુવાનોમાં રાષ્ટ્રભાવનાનો સંચાર કરી રહી છે. ત્યારે આ ઉજવણીની સાથે કેન્દ્ર સરકારની વિભિન્ન યોજનાઓની જાણકારી આપતાં વિશેષ કાર્યક્રમનું આયોજન કરાયું.

આ કાર્યક્રમમાં સાંસદ દિપસિંહ રાઠોડે જણાવ્યું કે, આજે આપને સૌ શામળિયા ભગવાનના દરબારમાં એકત્રિત થયા છીએ. શામળિયા ભગવાન આપ સૌને સફળતા અર્પે અને આપ સૌ તમારા કાર્યોમાં સફળ થાઓ તેવી પ્રાર્થના તેમજ નવા વર્ષની શુભેચ્છાઓ પાઠવી. આપણા વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી દ્વારા આઝાદીના ૭૫ વર્ષની ઉજવણી સંદર્ભે ભારત દેશના તેમજ રાજયના છેવાડાના માનવી સુધી સરકારની અનેકવિધ લાભદાયી યોજનાઓનો લાભ પહોંચે તેવા અને તેમણે વિવિધ પ્રકારના લાભ મળે તે અંતર્ગત માહિતી અને પ્રસારણ મંત્રાલય, ભારત સરકાર ક્ષેત્રીય લોકસંપર્ક કાર્યાલય પાલનપુર દ્વારા પાંચ દિવસ સુધી આ કાર્યક્રમનું આયોજન કરાયું છે. જેમાં આપણે વડાપ્રધાનશ્રીના પ્લાસ્ટિક મુક્ત ભારતના સ્વપ્રને સાકાર કરીએ અને સૌ



સાથે મળીને પૂરું કરીએ.

તેમણે જણાવ્યું કે, સરદાર વલ્લભભાઈ તથા ગાંધી બાપુ જેવા અનેક વિરપુરુષો આપણા દેશને આઝાદી અપાવામાં મહત્વની ભૂમિકા ભજવી છે. ગાંધી બાપુનું સ્વપ્ર એ રામ રાજય સ્થાપવાનું હતું. જેમાં શહેરી તેમજ ગામડાના છેવાડાના માનવી સુધી સરકારલક્ષી યોજનાઓનો લાભ મળે તેવા અભિયાન હાથ ધરાયા છે. ભારતને સ્વચ્છ ભારત બનાવવામાં ગુજરાતે પણ મહત્વની ભૂમિકા અદા કરી રહ્યું છે. આતંકવાદને ડામવા વડાપ્રધાનશ્રી કામ કરી રહ્યા છે. વડાપ્રધાનશ્રી એ આપનું ગૌરવ છે. તેમજ આવા સરકારલક્ષી કાર્યક્રમોમાં ભાગ લઈએ.

આ પ્રસંગે કેન્દ્રીય માહિતી પ્રસારણ અધિકારી સરિતા દલાલે જણાવ્યું કે, વડાપ્રધાનશ્રી દ્વારા આજના છેવાડાનાં માનવી સુધી યોજનાકીય લાભો પહોંચે તેવી સુવિધાઓ ઉપલબ્ધ કરાઈ છે. ભારત સરકારે અનેક પ્રજાલક્ષી યોજનાઓ અમલમાં મૂકી છે. પ્રધાનમંત્રીશ્રી દ્વારા નાનામાં નાના જન સુધી યોજનાઓની માહિતી પહોંચે અને તેમનામાં લાભો લેવામાં જાગૃતિ મળે તેવા સંદર્ભે ICOP આયોજન કરાયું છે. આપણા દેશની આઝાદી માટે અનેક લોકોએ જાન ન્યોછાવર કર્યા છે. ૨ વર્ષ પહેલા પણ ૐનું આયોજન શામળાજી ખાતે કરાયું હતું. શામળાજીના વિદ્યાર્થીઓ દ્વારા પ્લાસ્ટિક અને કચરાને એકઠો કરીને તેનો નિકાલ પણ કરી દેવામાં આવ્યું છે. લાખો લોકોને આપણે ભેગા મળીને આવી પ્રવૃતિઓ કરીને ગામ, શહેર, રાજ્ય તેમજ ભારતને કચરા મુકત કરવામાં આપણી ફરજ રહેલી છે.

તેમણે વધુમાં જણાવ્યું કે, લોકોમાં જાગૃતિ લાવવા તેમજ લાભો પહોંચાડવા માટે સ્ટોલ લગાડવામાં આવ્યા છે. તેમજ કોરોના રસીકરણ માટે પણ કેમ્પનું આયોજન કરાયું છે. દરેકે રસી લેવા માટે અપીલ કરી હતી.

આ કાર્યક્રમમાં માટી ફાઉન્ડેશન દ્વારા નાટકનું આયોજન કરીને બેટી બચાઓ, બેટી પઢાઓની એક જાગૃતિ આવે એ સંદર્ભે લોકોને સમજાવવામાં આવ્યા હતા.

આ કાર્યક્રમમાં શામળાજી મંદિરના વાઈસ ચેરમન રણવીરસિંહ ડાભી, જીલ્લા આર્યુવેદ અધિકારી જગદીશ કટારા, રીજનલ આઉટરીચ બ્યુરો અમદાવાદના ફીલ્ડ એક્સીબીશન ઓફીસરશ્રી સુમન મછાર, પાલનપુર અધિકારીશ્રી જે.ડી.ચૌધરી, જીલ્લા પશુપાલન અધીકારીશ્રી જીતુભાઈ ભુતડીયા, ભિલોડા તાલુકા વિકાસ અધિકારીશ્રી નવીન પરમાર, સૌરાષ્ટ્ર ઝોનના અધિકારીશ્રી દેવેન્દ્રભાઈ ત્રિવેદી, ઉપસ્થિત રહ્યા હતા.

# ડીસા તાલુકા પંચાયત ઓફિસ નજીકથી બાઈકની ઉઠાંતરી

ડીસા, તા. ૧૫

ડીસા પંથકમાં વાહન ચોરીની ઘટનાઓમાં સતત વધારો થવા પામ્યો છે તેમાં પણ છાસવારે બાઈક ચોરીની એક પછી એક ઘટનાને તસ્કરો અંજામ આપી રહ્યા છે ત્યારે ડીસા તાલુકા પંચાયત ઓફીસ નજીકથી વધુ એક બાઈકની ચોરી થવા પામી છે.



આ બાઈક ચોરીની ફરિયાદની વિગત જોતા મૂળ ધાનેરા તાલુકાના મેડા ખાતે રહેતા ભરતભાઈ પરબતભાઈ રબારી ક્રિમિલિયર સર્ટી કઢાવવા માટે ડીસા તાલુકા પંચાયત કચેરી ખાતે આવ્યા હતા અને પોતાની માલિકીનું હોન્ડા કમ્પનીનું બાઈક (નમ્બર જી જે ૦૮ એ ડી ૭૮૯૧) તાલુકા પંચાયત કચેરી નજીક પાર્ક કર્યું હતું જોકે થોડા સમય બાદ સર્ટી કઢાવી પરત આવતા તેમનું બાઈક નજરે ચઢ્યું ના હતું.તેથી આસપાસમાં પણ તપાસ કરતા બાઈક ના મળી આવતા બાઈકની ચોરી થયાનું માલુમ પડ્યું હતું. આ મામલે તેમણે ડીસા ઉત્તર પોલીસ મથકે બાઈક ચોરી થયાની ફરિયાદ નોંધાવતા પોલીસે બાઈક ચોરીની ફરિયાદ નોંધી આસપાસના સ સીટીવી ફૂટેજ ચેક કરી આ મામલે વધુ તપાસ હાથ ધરી છે.

**પોલીસ દ્વારા સીસીટીવીના ફૂટેજ મેળવી તપાસ હાથ ધરવામાં આવી**

# આકરુન્દ આદર્શ પ્રાથમિક શાળા ખાતે પ્રેરણા પરબ વ્યાખ્યાન માળા મણકો-૪ યોજાયો

**દેવેન્દ્ર પટેલ સાહિત્ય કક્ષ અને આકરુન્દ આદર્શ.પ્રા.શાળાના સંયુક્ત ઉપક્રમે કાર્યક્રમ યોજાયો**





ધનસુરા,તા. ૧૫

ધનસુરા તાલુકાની આકરુન્દ આદર્શ પ્રાથમિક શાળા ખાતે સંદેશ લાઈબ્રેરી ખાતે પ્રેરણા પરબ વ્યાખ્યાન માળા મણકો-૪ યોજાયો હતો આ કાર્યક્રમ સંદેશ લાઈબ્રેરી શ્રી દેવેન્દ્ર પટેલ સાહિત્ય કક્ષ અને આકરુન્દ આદર્શ.પ્રા.શાળા ના સંયુક્ત ઉપક્રમે યોજાયો હતો જેમાં વક્તા તરીકે કુણાલ ગઢવી (સેકશન ઓફિસર, સચિવાલય) ઉપસ્થિત રહ્યા હતા તેમને 'Yes It's Possible' વિષય પર વક્તવ્ય આપ્યું હતું અને પરીક્ષા ની તૈયારી કરતા વિદ્યાર્થીઓ ને માર્ગદર્શન આપ્યું હતું જેમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.સાથે મહીસાગર જિલ્લાના વીરપુર તાલુકાના શિક્ષક અને લેખક અરવિંદભાઈ પટેલ અને તેમના પિતા લાઈબ્રેરી ને પુસ્તકો ભેટ આપવા ઉપસ્થિત રહ્યા હતા સાથે હાલો ભેરુ ગામડે સામયિક ના તંત્રી ઈશ્વરભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા આચાર્ય ઈશ્વરભાઈ પ્રજાપતિ, નીતિનભાઈ પટેલ,એસ.એમ.સી સભ્યો અને સંદેશ લાઈબ્રેરી પરીવાર એ વકતા કુણાલભાઈ ગઢવી કાર્યક્રમ માં સહયોગ આપનારા માસુંગ ચૌધરી (લેખક), પુસ્તક ભેટ આપનાર અરવિંદભાઈ પટેલ, ઈશ્વરભાઈ પટેલ અને લાઈબ્રેરી ના દરેક કાર્યક્રમ માં સાઉન્ડ અને મિનરલ વોટર નિઃશુલ્ક પૂરું પાડનાર ભાવિનભાઈ પટેલ નો આભાર માન્યો હતો.

# અરવલ્લી ફિઝીકલી હેન્ડીકેપ્ડ વેલફેર મંડળ દ્વારા દિવ્યાંગ લોકોનો સ્નેહમિલન કાર્યક્રમ યોજાયો

ધનસુરા, તા. ૧૫

ધનસુરા તાલુકાના જામઠા કંપા ખાતે અરવલ્લી ફિઝીકલી હેન્ડીકેપ્ડ વેલફેર મંડળ, બુટાલ દ્વારા દિવ્યાંગ લોકો નો સ્નેહમિલન કાર્યક્રમ યોજાયો હતો જેમાં ધનસુરા, મોડાસા, ખેડબ્રહ્મા, બાયડ સહિત અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં થી મોટી સંખ્યામાં દિવ્યાંગ ભાઈ-બહેનો ઉપસ્થિત રહ્યા હતા આ સ્નેહમિલન



કાર્યક્રમ જામઠા કંપા કોટેશ્વર મહાદેવ ખાતે યોજાયો હતો જેમાં પ્રકાશકુમાર જોષી એ પિતા દુર્ગાશંકર જોષી ની પ્રથમ વાર્ષિક પુણ્યતિથી નિમિત્તો સ્વરૂચી ભોજન આપેલ અરવલ્લી ફિઝીકલી હેન્ડીકેપ્ડ વેલફેર મંડળ, બુટાલ ના વિનોદચંદ્ર પટેલ ઉપસ્થિત રહ્યા હતા કાર્યક્રમ માં દિવ્યાંગ ભાઈ-બહેનો ને સ્વરોજગાર ખેલકૂદ અને વિવિધ સરકારી કલ્યાણકારી યોજનાઓની માહિતી પુરી પાડવામાં આવી હતી આ કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે નિલેશભાઈ જોષી પરમાર નિતેશભાઈ જાયન્ટ ગ્રુપ તેમજ જલારામ મંદિર ના મહંત અને ટ્રસ્ટી કેશુભાઈ મગનભાઈ તથા અતિથિ વિશેષ તરીકે રાણા વિજયભાઈ,રાણા હરેશભાઈ, રજનીભાઈ પટેલ, કરશનભાઈ પટેલ અને વિનોદચંદ્ર પટેલ, પુષ્પાબેન ઉપસ્થિત રહ્યા હતા

# કતલખાને લઈ જવાતા પશુ ભરેલી આઈસર ટ્રક પાલનપુરથી ઝડપાઈ

પાલનપુર તા. ૧૫

પાલનપુર આરટીઓ સર્કલ પાસેથી જીવદયા પ્રેમીયોએ પશુઓને કતલખાને લઈ જવાતી આઈસર ટ્રકને ઝડપી પોલીસને જાણ કરી હતી.જેથી પોલીસ ઘટના સ્થળે દોડી આવી ચાલક સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી હતી.

ભીનમાલથી સોહરતખાન મહમદખાન પઠાણ આઈસર ટ્રકમાં નાના મોટા ૫૮ પશુઓને ભરી અમદાવાદ કતલખાને લઈ જતો હોવાની બાતમી જીવદયા પ્રેમિયોને મળી હતી.જેથી જીવદયા પ્રેમિયોએ પાલનપુર જૂના આરટીઓ સર્કલ પાસે વોચ ગોઠવી હતી.અને બાતમી વાળી ટ્રક આવતા તેને રોકાવી તેમાં તલાસી કરતા નાના મોટા ૫૮ પશુ ગીચોગીચ અને યોગ્ય પ્રકારે પાણી કે ઘાસ ચારાની વ્યવસ્થા પણ કરવામાં આવી ન હતી.જેથી દાંતીવાડાના હિમાલય કુમારે પાલનપુર પશ્ચિમ પોલીસ મથકે ચાલક સામે ફરિયાદ નોંધાવતા પોલીસે ફરિયાદના આધારે ટ્રક ચાલકની અટકાયત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

# માલગઢના દ્વારકાધીશ હવેલી મંદિરમાં તુલસી વિવાહ યોજાયો

ડીસા, તા. ૧૫

ડીસા તાલુકાના માલગઢ ગામની જોધપુરીયા ઢાંણીમાં શ્રી દ્વારકાધીશ હવેલી મંદિરમાં છઠ્ઠો ભવ્ય તુલસી વિવાહ કાર્યક્રમનો પ્રારંભ થયો છે. જેમાં શુક્રવારે સવારે પાટે બેસાડવાનું મૂહુર્ત શાલીગ્રામજી અને તુલસીજીનો કાર્યક્રમ યોજાયો હતો. જ્યારે શુક્રવારે રાત્રે દાંડીયા રાસ યોજાયા હતા. જેમાં ભાવિક ભક્તો દાંડીયા રાસમાં મોડી રાત સુધી ઝૂમી ઉઠયા હતા. જ્યારે



બનાસકાંઠાના પ્રથમ શ્રી દ્વારકાધીશ હવેલી મંદિરે કારતક સુદ-અગિયારસને રવિવાર તા.૧૪/૧૧/૨૦૨૧ ના મંગલ દિવસે સાંજે ૬.૧૫ કલાકે ગોધૂલિક વેળા ભગવાન શાલિગ્રામજી સંગ તુલસીજી-વૃંદાજીનો શુભ વિવાહ ધામધૂમપૂર્વક ઉજવવામાં આવશે. તેના ભાગરૂપે અગિયારસના દિવસે બપોરે દોઢ વાગ્યે ભગવાન દ્વારકાધીશ શોભાયાત્રા નીકળશે અને સાંજે સાત વાગ્યે સાત્વિક ભોજન મહાપ્રસાદીનું આયોજન કરાયું છે. આ સમગ્ર કાર્યક્રમનું જીવંત પ્રસારણ શ્રદ્ધાળુજનો યૂ ટ્યૂબ ચેનલ હવેલી માલગઢ પરથી નિહાળી શકશે. શ્રી દ્વારકાધીશ હવેલી મંદિર-માલગઢ તરફથી સૌ ધર્મનિષ્ઠ ભાવિક ભક્તોને ભવ્ય તુલસી વિવાહ પ્રસંગમાં પધારવા હાર્દિક અનુરોધ કરાયો છે.

# ઠંડીમાં ઠુંઠવાતાં બાળકો જોઈ પોલીસકર્મીનું દિલ દ્રવી ઉઠ્યું

**છેલ્લા ૫ વર્ષથી પગારમાંથી બચત કરી ૫૦થી વધુ બાળકોને સ્વેટરની હૂંફ**

મોડાસા, તા. ૧૫

પોલીસમાં માનવતાની લાગણી નથી હોતી એવો આક્ષેપ અવારનવાર કરવામાં આવતો હોય છે ખાખી વરદી પહેરેલા પોલીસની ઈમેજ સામાન્ય રીતે કડક હોય છે. જોકે ખાખી વરદીની પાછળ માનવતાવાળો ચહેરો પણ છુપાયેલો હોય છે એવા અનેક અનુભવ જરૂરિયાતમંદ વાળા લોકોએ અનુભવ્યા છે હાલ રાજ્યમાં શિયાળાનો બીલ્લી પગે પગરવ થઈ રહ્યો છે વહેલી સવારે અને મોડી રાત્રે ગુલાબી ઠંડીનો અહેસાસ પ્રજાજનો અનુભવી રહ્યા છે ત્યારે અરવલ્લી ડીવાયએસપી ઓફિસમાં ફરજ બજાવતા કિશન કુમાર રાઠોડ નામનો પોલીસકર્મી છેલ્લા ૫ વર્ષથી તેમના ફરજના વિસ્તારમાં વસવાટ કરતા જરૂરિયાતમંદ બાળકો અને પરીવારને ઠંડીથી રક્ષણ આપવા સ્વેટરની વીતરણ કરી હૂંફ આપી રહ્યા છે.



મોડાસાના લીંભોઈ ગામના અને હાલ ડીવાયએસપી કચેરી ખાતે ફરજ બજાવતા કિશન રાઠોડ નામના પોલીસકર્મી ૫ વર્ષ ગાત્રો થીજાવતી ઠંડીમાં ફરજ દરમિયાન ઠંડીમાં ઠૂંઠવાતાં ગરીબ બાળકોને જોઈ હૃદય દ્રવી ઉઠ્યું હતું અને જરૂરિયાતમંદ બાળકો અને તેમના પરિવારોને બીજા દિવસે સ્વેટર વિતરણ કરી કર્યા પછી છેલ્લા ૫ વર્ષથી પોલીસકર્મી તેમના પગારમાંથી બચત કરી ફરજના સ્થળ પર અને આજુબાજુના વિસ્તારમાં જરૂરિયાત મંદ બાળકો અને તેમના પરિવારોને સ્વેટરનું વિતરણ કરી સેવાની ધૂણી ધખાવી રહ્યા છે પોલીસકર્મીના આ ઉમદા કાર્યથી માનવતા મહેકી ઉઠી છે